દાખલ થયા તારીખ :૩૧/૧/૧૯.
રજિ.લીધા તારીખ :૩૧/૧/૧૯.
નિકાલ થયા તારીખ : ૩૦/૦૩/૧૯.
સમય : વર્ષ– માસ– દિવસ–

**અમદાવાદના મે.એડિ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં.૮૯૪૮/૧૯.**
**આંક :૧૨.**

ફરિયાદી.......................શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી............... ૧.રાજેશભાઈ અશોકભાઈ ભલ્લા, ઉવ.પુખ્ત.
રહેવાસી: મકાન નં.૧૪૨/૧૧૧૧, ગુ.હા. બોર્ડ,
ફીઝીકલ ગ્રાઉન્ડ પાસે, ખોખરા,
અમદાવાદ.
૨. ઉપેશભાઈ જયંતીલાલ શાહ,ઉવ.પુખ્ત.
રહેવાસી: મકાન નં.૫૮/૪૫૩, ગુ.હા. બોર્ડ,
સર્વોદયનગર, અમરાઈવાડી, અમદાવાદ.
૩. જયોતીકાબેન વાઈફઓફ અતુલકુમાર શેઠ,
ઉવ.પુખ્ત.
રહેવાસી: મકાન નં.૧૭, ધર્મજીવન રેસીડેન્સી,
પોસ્ટ ઓફીસની બાજુમા, બાલભવન પાસે,
અમરાઈવાડી, અમદાવાદ.

તહોમત ::– ઈ. પી. કો. કલમ :૩૫૪, ૪૫૨, ૩૨૩, ૫૦૬(૧), ૨૯૪(ખ), ૧૧૪ મુજબ.

ફરીયાદ પક્ષે ::– વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી.
આરોપી પક્ષે ::– વિ.વકીલશ્રી આર. એન. રાઠોડ.

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ના ફરીયાદીને હેરાન પરેશાન કરતા હોય જેથી ફરીયાદીએ તેમના વિરુધ્ધમા અરજી કરેલ હોય જે બાબતની અદાવત રાખી ફરીયાદી પોતાના મકાનનુ રીનોવેશન ચાલતુ હોય ત્યા આવેલ તે વખતે આરોપી નં.૧ સવારના અગીયારેક વાગે ફરીયાદીના ઘરે ઘુસી જઈ ફરીયાદી ને કહેવા લાગેલ કે, તમોએ તેમના વિરુધ્ધ અરજી કરેલ તે પરત ખેંચી લે તેમ કહી ફરીયાદી સાથે બોલાચાલી કરી ફરીયાદીનો હાથ પકડી ઝપાઝપી કરવા લાગેલ અને ફરીયાદીના કપડા આરોપી નં.૧. નાએ ફાડી નાંખેલ, અને ફરીયાદીને તથા તેની માતાને ગંદી બીભત્સ ગાળો આપવા લાગેલ જે વખતે આરોપી નં.ર. તથા ૩ આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ આવી ફરીયાદીની માતા શરીરે ગડદાપાટુનો તથા ફેંટોનો માર મારી આરોપી નં.૧ નાએ ફરીયાદીને તથા તેની માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી,

એકબીજાની મદદગારી કર્યા સબબ ગુનો કરતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરેલ અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ કરેલ છે. જેથી આરોપીને સમન્સ ઈસ્યુ કરેલા.

(૨) ત્યારબાદ, આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતા, તેમના વકીલશ્રી સાથે કોર્ટમા હાજર છે. તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ : ૨૦૭ અન્વયે ચાર્જશીટની તથા પોલીસ પેપર્સના કાગળોની નકલો વિનામુલ્યે આપી, આંક–૨ મુજબ તહોમતનામુ ફરમાવી, આંક–૩ થી ૫ મુજબનો જવાબ નોંધતા, આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષનો પુરાવો નીચે મુજબ નોંધવામાં આવેલ.

## મૌખીક પુરાવો:–

| અ.નં. | ફરીયાદપક્ષના મૌખીક પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ખુશ્બુબેન રમેશભાઈ પટેલની જુબાની. | ૭. |
| ૨. | સાહેદ નર્મદાબેન રમેશભાઈ પટેલની જુબાની. | ૧૦ |

## દસ્તાવેજી પુરાવો:–

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદીની ફરીયાદ | ૮. |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું. | ૯. |

(૩) ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ, ફરીયાદપક્ષનો પુરાવો એપીપીશ્રીની વિંનીતીથી પુર્ણ કરવામા આવેલ. ત્યારબાદ, રેકર્ડ ઉપરના ફરીયાદીની ફરીયાદ અને દસ્તાવેજી પુરાવા બાદ, આ કામના આરોપીઓનું સી. આર. પી. સી. ની કલમ : ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો નોંધવામા આવેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીઓના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી તથા આરોપીપક્ષે રજુ થયેલ દલીલો સાંભળી.

(૨) ત્યારબાદ ફરીયાદપક્ષની તકરાર ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામા આવેલ છે.

**-:: મુ દ્દા ઓ ::-**

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરે છે કે, આરોપી નં.૧ના ફરીયાદીને હેરાન પરેશાન કરતા હોય જેથી ફરીયાદીએ તેમના વિરુધ્ધમા અરજી કરેલ હોય જે બાબતની અદાવત રાખી ફરીયાદી પોતાના મકાનનુ રીનોવેશન ચાલતુ હોય ત્યા આવેલ તે વખતે આરોપી નં.૧ સવારના અગીયારેક વાગે ફરીયાદીના ઘરે ઘુસી જઈ ફરીયાદી ને કહેવા લાગેલ કે, તમોએ તેમના વિરુધ્ધ અરજી કરેલ તે પરત ખેંચી લે તેમ કહી ફરીયાદી સાથે બોલાચાલી કરી ફરીયાદીનો હાથ પકડી ઝપાઝપી કરવા લાગેલ

અને ફરીયાદીના કપડા આરોપી નં.૧. નાએ ફાડી નાંખેલ, અને ફરીયાદીને તથા તેની માતાને ગંદી બીભત્સ ગાળો આપવા લાગેલ જે વખતે આરોપી નં.ર. તથા ૩ આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ આવી ફરીયાદીની માતા શરીરે ગડદાપાટુનો તથા ફેંટોનો માર મારી આરોપી નં.૧નાએ ફરીયાદીને તથા તેની માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કોડ કલમઃ ૩૫૪, ૪૫ર, ૩ર૩, ર૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

:ર: શું હુ ક મ ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:ર: આખરી હુકમ મુજબ.

**'' કા ર ણો ''**

**મુદ્દા નં. ૧ ::–**

(૯) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી ખુશ્બુબેન રમેશભાઈ પટેલ તેમની

આંક–૭ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવે છે કે, બનાવ એકાદ વર્ષ અગાઉ ખોખરા મુકામે તેમના ઘરની બાજુમા સવારે સાડા દશ અગિયાર વાગેના સુમારે બનેલ, બનાવ સમયે તેઓ ઘરે હતા તે વખતે તેમને આરોપી સાથે ઘરના બાંધકામ બાબતે બોલાચાલી થયેલી, અને મારા મારી થયેલી તે વખતે ઘણા બધા માણસો ભેગા થઈ જતા બંને પક્ષને નાની મોટી ઈજાઓ થયેલ, તેમની સાથે ખરાબ વર્તન કરેલ અને તેમના કપડા ફાડી નાંખેલ, તેઓને ઈજાઓ થતા નારાયણી હોસ્પીટલમા સારવાર બાદ બનાવની ફરીયાદ નોંધાવેલ, જેમા તેમની સહી છે જે ફરીયાદ આંક–૮ થી રજુ છે. ત્યારબાદ, ફરીયાદીની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા, સ્વીકારે છે કે, બનાવ સ્થળે ઘણા બધા માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ, ટોળામાંથી કોણે તેમના કપડા ફાડેલ, તે ચોકકસ કહી શકે નહી, ફરીયાદ કરવા ગયા ત્યારે તેમની સાથેના માણસોએ પોલીસને વાત કરતા તેઓએ ફરીયાદ લખાવેલ અને ત્યારબાદ ફરીયાદ પર સહી કરેલી.

વધુમા સાહેદ નર્મદાબેન રમેશભાઈ પટેલ તેમની આંક–૧૦ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે આરોપીએ તેમની દીકરી સાથે ખરાબ વર્તન કરી કપડા ફાડી નાંખેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવી બચાવપક્ષે ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે ઘણા બધા માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ, ટોળામાંથી કોણે તેમની દીકરીના કપડા ફાડેલ, તે ચોકકસ કહી શકે નહી, ફરીયાદ કરવા ગયા ત્યારે તેમની સાથેના

માણસોએ પોલીસને વાત કરતા તેઓએ ફરીયાદ લખાવેલ.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૮ થી રજુ ફરીયાદ ધ્યાને લેતા, ફરીયાદ હકીકત મુજબની ફરીયાદ જણાઈ આવે છે પરંતુ, ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલ સાહેદ ઈજા પામનારે તેમના સોગંદ પરના પુરાવામાં ફરીયાદ હકીકતોને સમર્થક વિગતો જાહેર કરેલ ન હોઈ હાલની ફરીયાદ જેમની તેમ માની લઈએ તો પણ શંકારહિત પુરવાર થવા પામેલ નથી.

(૧૧) આ કામે પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. આ કામે રેકર્ડ થયેલ પુરાવો ધ્યાને લેતા, ફરીયાદી સાહેદ હોસ્ટાઈલ થયેલા હોઈ, ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. જેથી આ કામે અન્ય સાહેદી પુરાવો જો તપાસવામાં આવેલ હોત તો પણ ફરીયાદપક્ષના કેસના પરીણામ ઉપર કોઈ અસર પડત નહીં. વળી, આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદોથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ ન હોઈ, આમ, ઉપરોકત રજુ પુરાવો તથા પુરાવાનું કરેલ મુલ્યાંકન અને આરોપી વિરૂઘ્ઘ ફરમાવવામાં આવેલ તહોમતનામાના આક્ષેપીત કલમોના આવશ્યક તત્વો અને કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા, આ કામના આરોપીએ ફરીયાદીના મકાનમા ઘુસી, ફરીયાદી સાહેદ ને માર મારી, કપડા ફાડી નાંખી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, જાહેરમાં બિભત્સ ગાળો બોલી અપમાનીત કરેલાનું શંકારહિત પુરવાર કરવામાં

ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨.પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

આ કામના આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૩૫૪, ૪૫૨, ૩૨૩, ૫૦૬(૧), ૨૯૪(ખ), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે, તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭ એ અન્વયે રૃ.૫,૦૦૦/- ના જામીન આપવા.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૩૦/૦૩/૧૯.

(આર.બી.સોલંકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૭, અમદાવાદ.
**(GJ01009)**

rdPA